# SHREE VASISHTHA VIDHYALAYA, VAV.
## (Gujarati Medium/Bilingual Medium)

**'' જે મનુષ્ય પોતાના નિશ્ચયમાં દ્રઢ અને અટલ હોય તે મનુષ્ય દુનિયાને પોતાની રીતે બદલી શકે છે.''**

સુજ્ઞ વાલીશ્રી,

આપણી શાળાએ બાળકોના સર્વાંગી વિકાસ માટે, મોરલ ઍજ્યુકેશન, પ્રામાણિકતા, સત્યનિષ્ઠા, લીડરશીપ, સાંસ્કૃતિક- આધ્યાત્મિક સંવર્ધન, સ્વચ્છતા વગેરે જેવા બહુમૂલ્ય ગુણો વિકસે તે માટે વિવિધ પ્રયોગાત્મક કાર્યો અમલમાં મૂક્યાં છે, જેનાથી આપ સુપેરે પરિચિત છો જ.

મિત્રો આપણી શાળા દ્વારા- બાળકોમાં લાંબા ગાળે ખૂબ જ મોટું પરિવર્તન લાવનાર,બાળકોને વિઝનરી બનાવનાર, બાળકોના રસના વિષયોને ઢંઢોળનાર, બાળકોની અંદર રહેલી સુષુપ્ત શક્તિને જગાડનાર, બાળકોના વિચારોને મુક્ત વાતાવરણમાં રજૂ કરવાની હિંમત કેળવનાર એક અલગ જ પ્રકારના **Vasishtha Student Project Presentation** ના પ્રયોગની શરૂઆત કરવામાં આવી હતી.

અગાઉ **V.S.P** ના આ પ્રયોગને સફળ બનાવવા શિક્ષકશ્રીઓ અને વાલીશ્રીઓનો હકારાત્મક દૃષ્ટિકોણ રહ્યો હતો અને જુ.કે.જી. થી ધો-૯ ના દરેક વિદ્યાર્થીએ પોતાના વર્ગમાં ખૂબ ઉત્સાહપૂર્વક અને નિડરતાથી જે-તે વિષય વસ્તુ પર રજૂઆત કરી હતી, જેનાથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનું નિર્માણ થયું હતું.

આજે આપણે ગૌરવ સાથે કહી શકીએ કે, આપણાં બાળકની વક્તૃત્વ શક્તિ ખીલે અને તેમનામાં આત્મવિશ્વાસનું નિરૂપણ થાય તે હેતુથી ફરી ચાલુ શૈક્ષણિક વર્ષમાં નર્સરી થી ધો-૯ ના વિદ્યાર્થીઓ માટે આ **V.S.P.**ના પ્રયોગને અમલમાં મૂકીએ છીએ ત્યારે આપના પાલ્યને યોગ્ય પ્રોત્સાહન આપશો એવી અભ્યર્થના.

## V.S.P.- Vasishtha Student Project Presentation.

## V.S.P. શા માટે...?

આપણામાંથી ઘણાં લોકોની એવી ફરિયાદ હોય છે કે-----

- મારા બાળકને શાળામાં રજૂઆત કરવાનું યોગ્ય પ્લેટફોર્મ કે તક મળતી નથી.
- કોઇ પણ પ્રવૃત્તિ હોય કે સ્પીચ આપવાની હોય તો ક્લાસમાં જે બે પાંચ એક્ટિવ વિદ્યાર્થી હોય તેમને જ વારંવાર તક મળતી હોય છે. જ્યારે ક્લાસના બાકીના ૮૦ થી ૯૦% જેટલા વિદ્યાર્થીઓ માત્ર પ્રેક્ષક જ બની રહયા હોય છે.
- બાળકો પણ એવું જ માની લેતાં હોય છે કે આ કામ મારા માટે નથી------આ કામ હું ન કરી શકું. ------આ કામ માટે તો અમુક ચોકકસ વિદ્યાર્થીઓની જ શિક્ષક દ્વારા પસંદગી કરવામાં આવશે. આપણી પસંદગી ન થાય તેવી હતાશા અનુભવે છે.

## V.S.P.માં શું હશે...?

આપણાં તમામ પ્રશ્નોનું સોલ્યુશન હશે V.S.P.માં-----

- દરેક બાળકોને પોતાના વર્ગમાં વધુમાં વધુ ૧૦ મિનિટ સુધી પ્રેઝન્ટેશન આપવાનું રહેશે. જેમાં તેમને મનપસંદ વિષય, અભ્યાસેત્તર (ટોપિક) ઉપર અભ્યાસને અનુરૂપ હોય કે અભ્યાસનું હોય. ધાર્મિક, સામાજિક, રાજકીય, વર્તમાન પરિસ્થિતિ ઉપર કે પોતાના ધ્યેયને અનુલક્ષીને કે પોતે ભવિષ્યમાં શું કરવા માંગે છે..? શું બનવા માંગે છે..? પોતાના કુટુંબને અનુલક્ષીને હોય...નાના બાળકો હોય તો તેઓ વાર્તા, જોડકણાં, ઉખાણાં, કક્કો-બારાક્ષરી, અંક, ગીત વગેરે,જેમાં તેઓને રસ હોય તે કોઈપણ વિષય ઉપર બોલી શકે. ( પ્રેઝન્ટેશન આપી શકે છે)
- આમ એક સત્રમાં ૧૦ મિનિટ એમ એક વર્ષમાં ઓછામાં ઓછું ૨૦ મિનિટ સુધી શાળામાં ભણતા દરેક વિદ્યાર્થીઓ કોઇ પણ ટોપિક ઉપર પ્રેઝન્ટેશન આપશે.

P.T.O.

## V.S.P. દ્વારા બાળકોમાં શું બદલાવ આવશે...?

- બાળક બોલતો થશે.
- બાળક કંઈક સારું શોધતો થશે, સંશોધન કરતો થશે.
- બાળકને કંઈક બોલવું છે આથી તે શાળામાં શિક્ષકની, લાયબ્રેરીની, ઘરે મમ્મી-પપ્પાની, ઈન્ટરનેટની મદદ લેતો થશે.
- બાળક વિચારતો થશે, પુસ્તકો વાંચતો થશે.
- બાળક ઈન્ટરનેટનો સાચો ઉપયોગ કરતો થશે.
- બાળક આજે વર્ગખંડમાં બોલે છે...કાલે જાહેર મંચ ઉપરથી હજારોની સંખ્યાની વચ્ચે પણ અટકયા વગર આત્મવિશ્વાસથી બોલી શકશે.
- બાળક જ્યારે જાહેર ક્ષેત્રમાં આવશે ત્યારે કોઈપણ લેવલનું, કોઈપણ પ્રકારનું પ્રેઝન્ટેશન આપવું/રજૂ કરવું એ વસિષ્ઠના બાળકો માટે આસાન હશે.
- બાળકના રસનો વિષય, રસનું ક્ષેત્ર તેમજ દર વર્ષે બાળકમાં કેવું પરિવર્તન આવે છે તેની વાલીને, શિક્ષકને અને તેમનાં મિત્રોને જાણ થશે.

## V.S.P.કેવી રીતે કરવામાં આવશે...?

- જુ.કે.જી. થી ધોરણ-૯ અને ૧૧ કોમર્સના દરેક વિદ્યાર્થીએ V.S.P.માં ભાગ લેવો ફરજિયાત છે.
- દરેક વર્ગમાં મહિનામાં લાયબ્રેરીના કે અન્ય વિષયના બે પિરિયડ V.S.P.માટે ફાળવવામાં આવશે.
- વર્ગમાં જે વિદ્યાર્થીને V.S.P.માટે રજૂઆત કરવાની હોય તેમને એક અઠવાડિયા પહેલાં જાણ કરવામાં આવશે.
- V.S.P.ના એક પિરિયડમાં ૩ થી ૪ વિદ્યાર્થીઓ પ્રેઝન્ટેશન રજૂ કરશે.
- પ્રત્યેક વિદ્યાર્થીને વધુમાં વધુ ૧૦ મિનિટ આપવામાં આવશે.
- જે વિદ્યાર્થીએ પ્રેઝન્ટેશનની રજૂઆત કરવાની હોય તેમની જવાબદારી કોઇ એક શિક્ષકને આપવામાં આવશે. જે વિદ્યાર્થીને પ્રેઝન્ટેશનમાં મદદરૂપ થશે.
- વિદ્યાર્થીએ પ્રેઝન્ટેશનમાં કેવી રજૂઆત કરી છે.કઈ સારી બાબત છે... કઈ સુધારવા જેવી બાબત છે.. વગેરે માહિતીનું એક ફીડબેક ફોર્મ શિક્ષક દ્વારા ભરવામાં આવશે.
- પ્રેઝન્ટેશનનાં અંતે નિરીક્ષણ કરનાર શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓના પ્રેઝન્ટેશનને અનુલક્ષીને પ્રોત્સાહક પ્રતિભાવ આપવામાં આવશે.

✓ V.S.P.અંગે આપશ્રીના રચનાત્મક વિચારો, સૂચનો, પ્રતિભાવો આવકાર્ય રહેશે.

દૃઢ સંકલ્પ સાથે અમોએ V.S.P.ની શરૂઆત કરી છે અને અગાઉના વર્ષની જેમ આ વર્ષે પણ આશા રાખીએ કે આપના તરફથી આવો જ સુદૃઢ સાથ સહકાર બાળકોને, શિક્ષકોને તથા શાળાને મળી રહેશે.

આચાર્યશ્રી,
શ્રી વસિષ્ઠ વિદ્યાલય,વાવ. (ગુ.મા.)